| | |
|---|---|
| અરજી પ્રાપ્તિ તારીખ | ૨૧/૦૨/૨૦૨૬ |
| અરજી નોંધ્યા તારીખ | ૨૧/૦૨/૨૦૨૬ |
| અરજી ફેસલ તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| અવધિ ૦૦ વર્ષ ૦૨ માસ ૦૧ દિવસ | |

==================================================

**આકાર લલીતકુમાર ત્રિવેદી, જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વલ્લભીપુરની કોર્ટમાં**

==================================================

ફોજદારી પરચુરણ અરજી નં૩૯/૨૦૨૬

**અરજદાર : ગોપાળભાઈ બચુભાઈ આંબળીયા**
**રહે. નશીતપુર, તા.વલ્લભીપુર**
**જી.ભાવનગર.**

**વિરૂદ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી શ્રી,**
**નશીતપુર ગ્રામ પંચાયત કચેરી**
**નશીતપુર ગામ, તા.વલ્લભીપુર,**
**જી.ભાવનગર**

..........................................................................................

અરજદાર તરફે વિદ્વાન વકીલશ્રી એસ.ઝેડ.કળથીયા
સામાવાળા તરફે કોઈ નહી

..........................................................................................

**બાબત :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯, ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરવા કરાવવા અંગે અરજ**

**-: આંક-૧ લગત હુકમ :-**

(૧) અરજી વંચાણે લીધી, અરજદારે અરજીમાં જણાવેલ છે કે, અરજદારના

પિતા સ્વ. બચુભાઈ ભગવાનભાઈ આંબળીયાનું મરણ તારીખ ૧૨.૦૪.૧૯૯૮ ના રોજ વલ્લભીપુર તાલુકાના નશીતપુર મુકામે થયેલ છે. સદર મરણની નોંધ શરતચુકથી, કાયદાની અજ્ઞાનતા અને શુધ્ધબુધ્ધિ પૂર્વકની ભુલના કારણે નશીતપુર ગ્રામ પંચાયતના રજીસ્ટરમાં કરાવવાની રહી ગયેલ છે, વધુમાં જણાવેલ છે કે, તેઓના પિતા ગુજરી જતા સરકારી તથા અર્ધ સરકારી કચેરીઓમાં રજુ કરવા માટે તથા મિલકતમાં વારસાઈ કરાવવા માટે નશીતપુર ગ્રામ પંચાયતના મરણના દાખલાની જરૂરીયાત હોય સદરહું અરજી કરવાનું કારણ ઉપસ્થિત થયેલ છે.

(૨) અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવા તથા અરજદારનાં ખર્ચે જાહેર નોટીસ બહોળી પ્રસિધ્ધિ ધરાવતા અખબારમાં કરાવવા હુકમ કરવામાં આવેલ. અરજદારે તેની અરજીના સમર્થનમાં સોગંદનામું તથા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે.

(૩) સામાવાળાને નોટીસ બજી જતા સામાવાળાએ અરજદારે દર્શાવેલ મરણ તારીખ સંદર્ભે જરૂરી રેકર્ડ ખરાઈ કરેલ છે, તેમજ જણાવેલ વર્ષ તેમજ આગળ–પાછળના વર્ષની પણ ખરાઈ કરેલ છે અને ત્યારબાદ કલમ–૧૩(૩) મુજબનું અપ્રાપ્ય ફોર્મ નં.૧૦ નું પ્રમાણપત્ર કાઢી આપેલ છે.

(૪) અરજદારે તેમની અરજીના સમર્થનમાં સોગંદ ઉપર જણાવેલ છે કે, હાલની આ અરજી તેઓએ તેમના પિતા બચુભાઈ ભગવાનભાઈ આંબળીયાનું અવસાન નશીતપુર ગામ, તા.વલ્લભીપુર મુકામે ગઈ તા.૧૨.૦૪.૧૯૯૮ નાં રોજ થયેલ છે તેઓના પિતાના અવસાનની નોંધ સામાવાળાના દફતરે કરાવવાનું શરતચુકથી ભુલથી રહી જવા

પામેલ છે. હાલના સરકારી કામ બાબતે તેઓના પિતા સ્વ. બચુભાઈ ભગવાનભાઈ આંબળીયાના મરણના પ્રમાણપત્રની જરૂરીયાત ઉભી થયેલ છે અને તેઓના પિતા સ્વ. બચુભાઈ ભગવાનભાઈ આંબળીયાના મરણની નોંધ થયેલ ન હોય જેથી તેનો મરણનો દાખલો મળી શકે તેમ ન હોય તેઓએ હાલની આ અરજી કરવાની જરૂરીયાત પડેલી છે. તેઓને નશીતપુર ગ્રામ પંચાયત તરફથી તેઓના પિતા સ્વ. બચુભાઈ ભગવાનભાઈ આંબળીયાના મરણની નોંધ થયેલ નથી તે અંગેનો દાખલો આપેલ છે જે તેઓએ આ કામે રજુ રાખેલ છે. વધુમાં અરજદારની અરજીના સમર્થનમાં સાહેદ અરજણભાઈ બચુભાઈ આંબળીયા**, સાહેદ મીરાબેન બચુભાઈ આંબળીયા, સાહેદ ભીમજીભાઈ બચુભાઈ આંબળીયા નાઓએ** પુરાવારૂપી સોગંદનામું રજુ કરેલ છે અને જણાવેલ છે કે**,** અરજદારને તેઓના પિતાના નામે આવેલ મિલકતમાં વારસાઈ કરાવવા માટે મરણના દાખલાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે જેથી અરજદારની અરજી સાંભળી નિર્ણય કરવા વિનંતી કરેલ છે.

(૫) આ તબક્કે જન્મ મરણ નોંધ અધિનિયમ ૧૯૬૯ ની કલમ **:** ૧૩(૩) વંચાણે લેવામાં આવે તો તેમાં નીચે મુજબની જોગવાઈ કરેલ છે **:**

> ***"13(3) Delayed registration of birth and death : Any birth or death which has not been registered with in one year of its occurrence, shall be registered only on an order made by a magistrate of the first class or a presidency magistrate after verifying the correctness of the birth and death and on payment of the prescribed fee."***

(૬) વધુમાં નામદાર હાઈકોર્ટ દ્વારા **કરીમાબીબી વિડો/ઓફ ગુલામ મહંમદ વિ. અંકલેશ્વર મ્યુનીસીપાલીટી,**ના કેસમાં જન્મ–મરણ અધિનિયમની કલમ ૧૩(૩) અન્વયેના કેસમાં નામદાર વડી અદાલતે નીચે મુજબની પ્રોસીઝર જણાવેલ છે **:**

*“9. .. .. .. Admittedly the application filed by the respondents Nos. 2 and 3 was under sub-section (3) of Section 13 of the said Act. If the above provision of sub-section (3) of Section 13 are considered, then it would be quite clear that it is the duty of the learned Judicial Magistrate to verify the correctness of the date of birth before allowing the application filed before him. When the law expects that he has to verify correctness of the birth, it is expected from him that he must hear the persons who would be interested in disputing or supporting the said application. No doubt the said Act of 1969 does not lay down any procedure as to how and in what manner the application is to be presented by the petitioner to the learned Judicial Magistrate. Not only that, the said Act of 1969 is not making any provision for the proceeding for filing such an application, but no procedure is also laid down by any rules framed under the said Act or by any other specific provisions of any Act. Therefore, in these circumstances, when any application is presented under Section 13 of the said Act after a period of 1 year from the date of birth or date of death, it would be incumbent on the applicant to state the reasons/grounds in his application as to why the earlier entry in the death or birth register could not be made and why he could not give the information regarding the same to the competent authority. He must justify his late action in filing such an application by making necessary averments in his petition. It is also further necessary for him to state the purpose of which he wants the entry in the birth register or the death register. He must also stale in the said application as who are likely to be affected by the said entry in the birth register or death register. For example, if suppose the applicant is a person employed and he wants the entry in the birth register to correct his service record, then he must state in his application that purpose for which he has filed the application. He must give address of his employer where he is working because the order as regards his birth date will be affecting his employer and therefore, his employer will be interested in disputing the said claim by showing certain material before him which might have been produced by the applicant himself. Similarly the applicant must also state the name of both the parents of the person whose birth date is to be entered in the Birth Register. If the said person has got brothers and sisters (even step brothers and step sisters), then their names, their address in his application must be given because they will be also interested in disputing or supporting his claim and therefore, they must have an opportunity to meet the claim of the applicant. In case of entry in birth register as regards the birth date, it is also necessary for the applicant to state the place where me birth of the person took place. The applicant must also give the name of the hospital or the*

*maternity home or place where the birth of that person had actually taken place. He must also state the name of the person who had performed the delivery. In case, if the delivery was preformed by any doctor or any nurse or Aaya, then he must also produce the evidence of the said person, if the said person is alive to support his claim. But merely on saying that he was horn on such date without giving above indicated details, the application filed under Sub-section (3) of Section 13 of the said Act could not be entertained by the Magistrate. But in case of an orphan child (deserted child) the names of father and mother need not be disclosed or stated. Similarly it is not necessary to state whether the child has got brothers or sister. Because as the child is an Orphan/deserted, the information in these respects could not be available. Similarly in case of an orphan/deserted child the information regarding the place of birth, who performed the delivery and where the delivery took place could not be available. Therefore, such informations need not be given in case of an application filed to record the birth date of an orphan/deserted child."*

(૭) ઉપરોક્ત જોગવાઈઓને તથા નામદાર વડી અદાલત દ્વારા અપાયેલા ઉપરોક્ત નિર્દેશોને ધ્યાને રાખીને તથા સામાવાળા જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રીને અત્રેની અદાલતમાં હાજર થઈને પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ હાલ નશીતપુર ગ્રામ પંચાયતમાં તલાટી-કમ-મંત્રી તરીકે ફરજ બજાવે છે. તેઓની ફરજમાં જન્મ-મરણને લગતી નોંધણીની કામગીરી કરવાની રહે છે અને તે અંગેના દાખલા કાઢી આપવાનું કામ હોય છે. વધુમાં જણાવે છે કે, તેઓની કચેરીમાં સને ૧૯૯૮ તથા આજદીન સુધીનું સમગ્ર રેકર્ડ જોઈને તપાસ કરતા આ કામના અરજદારના પિતાના મરણની નોંધણી થયેલ નથી જે સંદર્ભે તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ અપ્રાપ્ય પ્રમાણપત્ર આપેલ જે આ કામે આંક-૮ થી તેમજ આંક-૭ થી સને ૧૯૯૮ ના મરણ રજીસ્ટરનો ઉતારો રજુ કરેલ છે. વધુમાં જણાવેલ છે

કે, અરજદારને માગણી મુજબ તેમના પિતાના મરણનો દાખલો કાઢી આપવામાં આવે તો તેઓને કોઈ વાંધો કે હરકત સરખું નથી.

(૮) અરજદાર તર્ફે રજુ થયેલ ઉપરોક્ત તમામ પુરાવાને ધ્યાને લેતાં તેમજ અરજદારની સોગંદ ઉપરની જુબાની, અરજદારના સમર્થનમાં સાહેદોની જુબાની તથા સાથે રજુ કરેલ પુરાવાને સામાવાળા તરફથી પડકારેલ નથી અને માત્ર સોગંદ ઉપર પુરાવો રજુ કરેલ છે, જેથી અરજદારની સોગંદ ઉપરની જુબાનીને ન માનવા માટેનું રેકર્ડ ઉપર કોઈ કારણ ઉત્પન્ન થતું નથી. વધુમાં અરજી અનુસંધાને આંક-૧૫ વાળી જાહેર નોટીસ તારીખ ०૩/૩०/૨०૨૬ ના રોજ સંદેશ ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે તેમ છતાં આજદીન સુધી કોઈ દ્વારા અત્રેની અદાલતમાં હાજર થઈ કોઈ વાંધા તકરાર ઉઠાવવામાં આવેલ નથી, કે અરજદારની હકીકતથી વિરુધ્ધનો પુરાવો રજુ કરવા હાજર રહેલ હોય તેવું પણ બનેલ નથી જેથી અરજદારની અરજી મંજુર થવા પાત્ર જણાય છે. જન્મ-મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) અનુસાર જન્મ-મરણ નોંધણી કરાવવી ફરજીયાત હોય, અરજદારની અરજીમાં માગ્યા મુજબનો હુકમ કરવો ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાતું હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**૧.** અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** આ કામના અરજદાર ગોપાળભાઈ બચુભાઈ આંબળીયા

રહે.નશીતપુર, તાલુકો વલ્લભીપુરના પિતા સ્વ. બચુભાઈ ભગવાનભાઈ આંબળીયાનું મરણ તારીખ ૧૨.૦૪.૧૯૯૮ (તારીખ બારમી, માહે એપ્રિલ, સને ઓગણીસો અઠાણું) ના રોજ વલ્લભીપુર તાલુકાના નશીતપુર મુકામે થયેલ છે તે અંગેની નોંધણી સામાવાળાએ તેમના કચેરી દફતરે કાયદેસરની થતી ફી વસુલ લઈ જન્મ–મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ–૧૩(૩) મુજબ મરણ અંગેની નોંધ કરવી તેવો હુકમ કરવામાં આવે છે.

3. સદર હુકમની યાદી સામાવાળાને કરવી.

હુકમ આજ તારીખ ૧૭મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ વલ્લભીપુર

તારીખઃ ૧૭.૦૪.૨૦૨૬

આકાર લલિતકુમાર ત્રિવેદી
જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટૅ કલાસ
વલ્લભીપુર.
કોડ નં. જીજે૦૧૫૫૭

રાજેશ સી.પારેખ
પી.એ

તારીખઃ ૧૭.૦૪.૨૦૨૬

પ્રતિ
જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી,
નશીતપુર ગ્રામ પંચાયત કચેરી,
નશીતપુર ગામ, તા.વલ્લભીપુર
જી.ભાવનગર.

**વિષયઃ જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ–૧૩ મુજબ મરણની નોંધ કરવા બાબત.**

અત્રેની કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજ નં.૩૯/૨૦૨૬ થી અરજદાર નામે ગોપાળભાઈ બચુભાઈ આંબળીયા રહે. નશીતપુર ગામ, તા.વલ્લભીપુર, જી.ભાવનગર નાઓએ અરજી કરતાં તે મંજુર કરવામાં આવેલ છે તે લગતનો નામદાર કોર્ટે નીચે મુજબનો હુકમ કરેલ છે :

***"  :: હુકમ ::***

**૧.** *અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.*

**૨.** *આ કામના અરજદાર ગોપાળભાઈ બચુભાઈ આંબળીયા રહે.નશીતપુર, તાલુકો વલ્લભીપુરના પિતા સ્વ. બચુભાઈ ભગવાનભાઈ આંબળીયાનું મરણ તારીખ ૧૨.૦૪.૧૯૯૮ (તારીખ બારમી, માહે એપ્રિલ સને ઓગણીસો અઠાણું) ના રોજ વલ્લભીપુર તાલુકાના નશીતપુર મુકામે થયેલ છે તે અંગેની નોંધણી*

*સામાવાળાએ તેમના કચેરી દફતરે કાયદેસરની થતી ફી વસુલ લઈ જન્મ-મરણ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણ અંગેની નોંધ કરવી તેવો હુકમ કરવામાં આવે છે.*

***3.*** *સદર હુકમની યાદી સામાવાળાને કરવી.*

*હુકમ આજ તારીખ ૧૭મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.*

*સ્થળ: વલ્લભીપુર* | *સહી/-*
*તારીખ :૧૭.૦૪.૨૦૨૬* | *આકાર લલિતકુમાર ત્રિવેદી*
*જયુડિશીયલ મેજિસ્ટ્રેટ ફસ્ટૅ કલાસ*
*વલ્લભીપુર.*
*કોડ નં. જીજે૦૧૫૫૭ ’’*

ઉપરોક્ત હુકમ મુજબ આગળની ઘટતી કાર્યવાહી કરવી.
**હુકમથી,**

રજીસ્ટ્રાર કમ નાઝર
જયુડી.મેજી.ફ.ક.ની અદાલત, વલ્લભીપુર